ગાંધીનગર સમાચાર

# એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવતા શહેરના અન્ય તેજસ્વી તારલાઓ



## શહેરના તેજસ્વી તારલાઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળા | મેળવેલ ગુણ (૬૦૦માંથી) |
|---|---|---|---|
| ૧૧ | કિશન પ્રજાપતિ | સ્કૂલ ઓફ એચિવર | ૫૫૬ |
| ૧૧ | અયાન ખોખર | એમ.બી.પટેલ (ઈંગ્લિશ મી.) | ૫૫૬ |
| ૧૨ | તુલસી શાહ | સ્કૂલ ઓફ એચિવર | ૫૫૫ |
| ૧૩ | કૃતિક યાદવ | માઉન્ટ કાર્મેલ | ૫૫૪ |
| ૧૩ | ઋત્વા રામી | ઈન્ફોસીટી સ્કૂલ | ૫૫૪ |
| ૧૩ | અક્ષજ શાહ | સેન્ટ ઝેવિયર્સ | ૫૫૪ |
| ૧૪ | મીનોની ઝાટકિયા | માઉન્ટ કાર્મેલ | ૫૫૩ |
| ૧૫ | કાવ્યા રાઠોડ | આર.જી.કન્યા વિદ્યાલય | ૫૫૨ |
| ૧૫ | શ્વેતા બોડાત | સ્કૂલ ઓફ એચિવર | ૫૫૨ |
| ૧૫ | ઋત્વી પટેલ | સ્વામીનારાયણ હાઈસ્કૂલ | ૫૫૨ |
| ૧૬ | હેલી પટેલ | ગુરૂકુળ, સે. ૨૩ | ૫૫૧ |
| ૧૭ | કૂશ પટેલ | માઉન્ટ કાર્મેલ | ૫૫૦ |
| ૧૭ | નિશા બ્રહ્મભટ્ટ | ગુરૂકુળ, સે. ૨૩ | ૫૫૦ |
| ૧૭ | ગૌરવ પટેલ | સી.એમ. વિદ્યાલય | ૫૫૦ |
| ૧૮ | મંથન મહેરીયા | સી.એમ. વિદ્યાલય | ૫૪૯ |
| ૧૮ | મનીષા ઘાંચી | આર.જી. કન્યા વિદ્યાલય | ૫૪૯ |
| ૧૮ | આરઝુ ચૌધરી | માઉન્ટ કાર્મેલ | ૫૪૯ |
| ૧૮ | પ્રેક્ષા શાહ | માઉન્ટ કાર્મેલ | ૫૪૯ |
| ૧૯ | આકાંક્ષા ચાવડા | ગુરૂકૂળ, સે. ૨૩ | ૫૪૮ |
| ૧૯ | કૌશલ કાપડિયા | ગુરૂકૂળ, સે. ૨૩ | ૫૪૮ |
| ૧૯ | ધ્રુવકુમાર પટેલ | ગુરૂકૂળ, સે. ૨૩ | ૫૫૮ |
| ૧૯ | યશ્વી પટેલ | માઉન્ટ કાર્મેલ | ૫૪૮ |
| ૧૯ | કાવ્યાબા ખાચર | માઉન્ટ કાર્મેલ | ૫૪૮ |
| ૨૦ | રૂદ્ર રાણા | સેન્ટ ઝેવિયર્સ | ૫૪૭ |
| ૨૦ | એસ.એસ. સંજય | માઉન્ટ કાર્મેલ | ૫૪૭ |
| ૨૦ | રૂદ્ર શુકલ | સ્કૂલ ઓફ એચિવર | ૫૪૭ |
| ૨૧ | તિથિ સુતરીયા | માઉન્ટ કાર્મેલ | ૫૪૬ |
| ૨૧ | ભવ્ય પટેલ | સ્કૂલ ઓફ એચિવર | ૫૪૬ |
| ૨૧ | ઝીલ પટેલ | સેન્ટ ઝેવિયર્સ | ૫૪૬ |
| ૨૧ | તંબ્રિકા ચૌહાણ | માઉન્ટ કાર્મેલ | ૫૪૬ |
| ૨૨ | યશ બ્રહ્મક્ષત્રિય | સેન્ટ ઝેવિયર્સ | ૫૪૫ |
| ૨૩ | શ્રેય ચૌધરી | આર.સી. વિદ્યાલય | ૫૪૪ |
| ૨૪ | અર્ચના ચૌધરી | આર.જી.કન્યા વિદ્યાલય | ૫૪૩ |
| ૨૪ | ફારમીન કુરેશી | આર.જી.કન્યા વિદ્યાલય | ૫૪૩ |
| ૨૪ | નિલેશ પટેલ | સ્કૂલ ઓફ એચિવર | ૫૪૩ |
| ૨૪ | જૈમિન પટેલ | સ્કૂલ ઓફ એચિવર | ૫૪૩ |
| ૨૬ | રૂચિતા સોલંકી | આર.જી.કન્યા વિદ્યાલય | ૫૩૬ |

## આદર્શ નિવાસી શાળાઓનો (બક્ષીપંચ) ધો. ૧૦માં શ્રેષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના રાજ્યના ૬૭.૦૬ ટકા પરિણામ સામે વિકસતી જાતિ કલ્યાણ (બક્ષી જાતિ કલ્યાણ)ની ગુજરાતની ૩૩ આદર્શ નિવાસી માધ્યમિક શાળાઓ પૈકી ૧૪ શાળાઓના ૧૦૦ ટકા અને ૯૦ ટકા ઉપરની ૧૩ શાળાઓના પરિણામ સાથે બાકીની ૬ શાળાઓમાં ગણિત, વિજ્ઞાનમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈની પૂરક પરીક્ષામાં પાસ થવાની પરંપરા જોતાં સન ૨૦૧૬નું સમગ્રતયા શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ મેળવાશે. જે અંગે આનંદ અને સંતોષ વ્યક્ત કરતાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ ખાતાના નિયામક અને શિક્ષકોની ટીમને અભિનંદન આપ્યા છે. સન ૨૦૧૫માં પણ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની રાજ્યભરની આદર્શ નિવાસી શાળાઓનું પરિણામ ૯૧ ટકા આવેલુ હતુ. છેલ્લા ઘણા વર્ષોની પરંપરા ચાલુ વર્ષે પણ ખાતાએ જાળવી રાખી છે.

# શહેરના ટોપર્સને ડૉકટર અને આઈ. એસ. બનવાનુ સ્વપ્ન સાકાર કરવુ છે

### અફસરને સ્ટેટસની સાથે સત્તા પણ મળે છે, માત્ર ઈચ્છા નહીં પરંતુ કામ કરી શકાય તેવો પાવર પણ જરૂરી

ગાંધીનગર તા ૨૪

ધોરણ ૧૦ માં ટોપર્સમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગનાને ડોકટર તેમજ આઈ પી એસ બનવાની ઈચ્છા વ્યકત કરી છે. કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓએ ડોકટર બની સમાજની સેવા કરવી છે. જયારે અમુક ટોપર્સને દેશની વહીવટી સેવામાં જોડાઈને નાગરિકોના કામો કરવા આઈ એસ થવાની મહેચ્છા છે.

શહેરમાં ટાપર્સની યાદીમાં સ્થાન મેળવનાર માઉન્ટ કાર્મેલ શાળાના



વિશ્વજીત રાવને આઈ આઈ એમમાં અભ્યાસ કરી આઈ એસની તૈયારી કરવી છે. વિશ્વજીતની બહેન મેઘના પણ સિવિલ એન્જીનિયરીંગમાં અભ્યાસ કરે છે. જયારે પિતા મનોજસિંહ બિઝનેસ કરે છે. અને માતા મીનાબેન હાઉસવાઈફ છે. પરિણામ પ્રત્યે સંતોષની લાગણી વ્યકત કરતા તેણે જણાંવ્યુ હતુ કે શાળાના શિક્ષકો ઉપરાંત કિશોરસરની મહેનત વિકલી ટેસ્ટ તેમજ ઓરલ એકઝામ અને ચેપ્ટર લાઈન ટુ લાઈન યાદ રહે તેવી તેમની ટીચીંગ પધ્ધતિ સારા પરિણામ માટે જવાબદાર રહી છે. શાળાના અન્ય એક વિદ્યાર્થી સાહીલ દેસાઈને પણ બી ગૃપમાં અભ્યાસ કરીને નાનપણથી જ ડોકટર બનવાનુ સ્વપ્ન સાકાર કરવુ છે. તેના પિતા ખાંડ ભવનમાં કલાર્ક તરિકે ફરજ બજાવે છે. સાહીલના મતે સતત માર્ગદર્શન માટે શાળાના શિક્ષકોની સાથે કિશોર સરનુ માર્ગદર્શન અને શિક્ષણ પધ્ધતિ અસરકારક પુરવાર થઈ છે. સેન્ટ ઝેવિયર્સમાં અભ્યાસ કરતા નિશાન્ત જિતેન્દ્રભાઈ શર્માએ ૫૬૧ ગુણ પ્રાપ્ત કર્યા છે. આગળ બી ગૃપમાં અભ્યાસ કરી ડોકટર બનવુ છે. પેઈન્ટીંગનો શોખ ધરાવતા નિશાન્તના માતા મેહસાણામાં ટીચર છે. જયારે પિતા જીઈબી માં એન્જિનિયર છે. શાળામાં અભ્યાસ કરતા અન્ય એક ટોપર્સ અનશુ જોષીને અનશુની મોટી બહેન પણ મેડીકલમાં



અભ્યાસ કરે છે. તે પોતાના સફળ પરિણામનો યશ કિશોરસિંગ રાજપુતને આપે છે. તેના મતે તેમની શીખવવાની સરળ પધ્ધતિ અને બોર્ડની પરિક્ષા પુર્વે માર્ગદર્શન સેમિનાર ખુબજ ઉપયોગી



નિવડે છે. આગળ આઈ આઈ ટી માં અભ્યાસ કરવો છે. અને ડોકટર પણ બનવુ છે. કુડાસણ સ્કુલ ઓફ અચિવરની શ્વેતા બોડાતે ડોકટર બનવુ છે. તેના મતે આત્મવિશ્વાસ અને મહેનતથી સારૂ પરિણામ મેળવી શકાય છે. આર જી પટેલ કન્યા શાળાની કાવ્યા પી રાઠોડે ડોકટર બની દેશમાં આરોગ્ય ક્ષેત્રે કથળતી હાલતમાં સુધાર લાવવો છે. સ્માર્ટ વર્કને અગ્રતા આપતી કાવ્યાને લંડન ફરવા જવુ છે. તેના પિતા પ્રવિણભાઈ એલ આઈ સી માં નોકરી કરે છે. જયારે માતા રંજનબેન હાઉસ વાઈફ છે. ગુરુકુલ શાળાના ટોપર્સ કૌશલ કાપડીયાએ આઈ ટી એન્જિનિયરીંગમાં અભ્યાસ કરવો છે. તેના પિતા ગૌતમભાઈ અમુલ ડેરીમાં ઓડીટર છે. જયારે માતા દક્ષાબેન હાઉસ વાઈફ છે. આ શાળાની ઋત્વી પટેલે આગળ બી ગૃપમાં અભ્યાસ કરવો છે. એકાગ્રતાથી અભ્યાસ કરવાથી સારુ પરિણામ મળે છે. તેના પિતા ગોવિંદભાઈ કોન્ટ્રાકટર છે. જયારે આશાબેન હાઉસ વાઈફ છે. ડાન્સીંગનો શોખ ધરાવતી ઋત્વીના મતે શાળાના શિક્ષકો તેમજ કિશોર સરની સ્ટેપ્સ ટીચીંગ મેથડના લીધે ભણવાનુ વધુ સરળ બની જાય છે. ટોપર્સના મતે સારા કામો કરવા માટે પાવર હોવો પણ જરૂરી છે. જેથી અફસર બનવાની સાથે સ્ટેટસની સાથે સત્તા પણ મળે છે.

## શહેરમાં ટોપર્સની યાદીમાં મોખરે વિધીને અફસર બીટીયા બનવુ છે

### કુડાસણ સ્કુલ ઓફ અચિવરની વિધી ચંપાવતે મેડીકલમાં અભ્યાસ કરી આઈ.પી.એસ. ઓફિસર બનવાની ખેવના, કિરણ બેદી આદર્શ

શહેરના ટોપર્સમાં મોખરાનુ સ્થાન ધરાવનાર વિધી ચંપાવતે આઈ પી એસ ઓફિસર બનવુ છે. વિધી કિરણ બેદીને પોતાના આદર્શ માને છે. નિટના લીધે સમગ્ર દેશમાં ટોપર્સ સાથે હરિફાઈ કરવાની તક મળશે. કુડાસણ સ્કુલ ઓફ અચિવરની વિધીએ આત્મ વિશ્વાસ તેમજ રિવિઝનના લીધે ધારેલુ પરિણામ પ્રાપ્ત કર્યુ હોવાનુ જણાંવ્યુ હતુ. ધોરણ ૧૦ માં જિલ્લામાંથી ૮૧ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જયારે શહેરમાં ટોપર્સની યાદીમાં પ્રથમ સ્થાન મેળવનાર વિધી ચંપાવતે આઈ પી એસ ઓફિસર બનવાની ઈચ્છા વ્યકત કરી છે. કુડાસણ સ્કુલ ઓફ અચિવરની વિદ્યાર્થીની વિધિ ચંપાવતના પિતા હરેન્દ્રસિંહ વડાલીમાં શિક્ષક તરિકે ફરજ બજાવે છે. જયારે માતા નયનાબેન હાઉસ વાઈફ છે. વિધિએ ૬૦૦ માંથી ૫૭૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. રોજના ૮ કલાકના વાંચન તેમજ શાળાના શિક્ષકોનુ માર્ગદર્શન અને રિવિઝનના આધારે તેણીએ ધારેલુ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. વિધીએ આગળ ડોકટર બનવાની સાથે આઈ પી એસ અફસર બનવાની ખેવના વ્યકત કરી છે. માત્ર અભ્યાસુ વૃતિમાં જ રસ દાખવતી વિધી કિરણ બેદીને આદર્શ માને છે.



### ખૂણે ખાંચરેથી...

● શહેર ભાજપ આયોજિત ગૌરવ યાત્રાને ગઈકાલે ગાંધીનગર શહેર - તાલુકામાં નબળો પ્રતિસાદ મળતાં કાર્યકરોમાં અને નેતાઓમાં નારાજગી જોવા મળી હતી.

● આજે રૂપાલ ખાતે કૃષિ મહોત્સવના બીજા દિવસે ખેડૂતોને મોહનથાળ, દાળ-ભાત, શાકનું ભોજન પિરસાયું હતું.

● તલાલા બેઠક પરથી વિજયી થયેલા ભાજપના શ્રી ગોવિંદભાઈ પરમાર આજે ધારાસભ્ય તરીકે શપથ ગ્રહમ કરશે.

● સચિવાલય સહકારી ઉપહાર ગૃહ દ્વારા ઓર્ગેનીક કેરીનું વેચાણ શરૂ કરાયું છે.

● આજે વિધાનસભામાં સમિતિઓની બેઠકોને પગલે ભારે ધસારો રહ્યો હતો.

● જિલ્લા - તાલુકા પંચાયતના ચૂંટાયેલા રાયસણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આપદામાં પ્રાથમિક સારવારનું મહત્ત્વ સમજાવતી ખાસ તાલીમ અપી હતી.

● જિલ્લા પંચાયતના બીજા માળે સવારે બે કલાક માટે વીજળી વેરણ થતાં કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

### મિથિલેષ ઠક્કરે ૯૦.૩૩ ટકા ગુણ મેળવી લોહાણા સમાજનું ગૌરવ વધાર્યું

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજ રોજ જાહેર થયેલ ધોરણ-૧૦ના પરિણામમાં ગાંધીનગર સ્થિત કેપિટલ ક્રાંતિના તંત્રી પાર્થ ઠક્કર તેમજ ભાવના ઠક્કરના સુપુત્ર ચિ. મિથિલેષે ૯૦.૩૩ ટકા (૯૯.૬૧ પર્સન્ટાઈલ) મેળવી અખબારી સમાજ, લોહાણ સમાજ અને શેઠ સી.એમ. હાઈસ્કૂલનું ગૌરવ વધારેલ છે. ચિ. મિથિલેષ પ્રથમ



ધોરણથી જ ખુબ જ સારા માર્કસ મેળવતો આવ્યો છે. ભણતરની સાથે ચેસ, સાયન્સ, વાંચનક્ષેત્રે પણ નિપુણતા હાંસલ કરેલ છે.

### તપોધન બ્રાહ્મણ સમાજના અગ્રણી ચંદુલાલ રાવલનું નિધન

ગાંધીનગર શહેરના વરિષ્ઠ પેપર એજન્ટ મહેન્દ્રભાઈ રાવલના પિતા ચંદુલાલ શંભુરામ રાવલ (રાંધેજાવાળા)નું દુઃખદ નિધન થવા પામ્યુ છે. સ્વ. ચંદુલાલ રાવલની અંતિમયાત્રા ૨૫મીને બુધવારે સેક્ટર-૧૨ પ્લોટ નં. ૩૩૬ શુભમ ફ્લેટ ખાતેથી સવારે ૯ કલાકે નિકળશે. સ્વ. ચંદુલાલ રાવલ ગાંધીનગર તપોધન બ્રાહ્મણ મંડળના અને તપોધન મહાસભાના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવાઓ આપી હતી.

# જળસંચય અને ઊર્જા બચત એ સમયની માંગ છે : સૌરભ પટેલ

### ટપક સિંચાઈ પદ્ધતિ એ સમૃદ્ધ ખેતીની નિશાની છે : શિવપુરા કંપા, બબલપુરા કંપા તેમજ લવાડ ફાર્મે ૧૦૦ ટકા ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવાના નિર્ણયને લઈ અભિનંદન આપતા ઊર્જા મંત્રી : રૂપાલમાં કૃષિ મહોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૪

જળસંચય અને ઊર્જા બચત એ સમયની માંગ છે અને ખેડૂતો પણ નવી તકનીકોનો ઉપયોગ કરી તેમાં પ્રદાન કરી શકે છે તેવું કહેતાં રાજ્યના ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિના વિકલ્પ પર સરકાર જે સબસીડી આપી રહી છે તેનો લાભ લઈ વધુ ઉત્પાદન કરે.

રૂપાલ ખાતે આજે બીજા દિવસે માણસા અને કલોલ તાલુકાના ખેડૂતોને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ભૂતળમાંથી પાણી ખેંચી લેવાથી આપણને જ નુકસાન થાય છે અને આવનારી પેઢી આપણને માફ નહિ કરે માટે જળસંચય તેમજ ઊર્જા બચતની સાથે સાથે વિકાસમાં આપણું પ્રદાન પણ મહત્ત્વનું છે.

તેમણે કહ્યું કે તળાવ ઊંડા કરવા, ખેત તલાવડી બનાવવી, ચેકડેમ બનાવવા વગેરે પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ સરકાર કરી રહી છે પરંતુ જળસંચય બાબતે આપણે હજુ જોઈએ તેટલા ગંભીર નથી. ભૂતળના જળ આપણે એટલા બધા ખેંચી રહ્યા છીએ કે હવે તેની ગુણવત્તા સાથે પણ પડકારો ઉભા થયા છે.

કુદરતી સંપદાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ. ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિ સફળ પુરવાર થઈ છે અને તે માટે સરકાર પણ ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહી છે. તેમણે જણાવ્યું કે બટાટા અને કપાસની ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિના સારા પરિણામો મળ્યા છે. તેના અનેક ઉદાહરણો બનાસકાંઠા અને બોટાદમાં ઉપલબ્ધ છે.

તેમણે કહ્યું કે ટપક સિંચી પદ્ધતિના ઉપયોગની સાથે ઊર્જાની પણ બચત થશે. તેમણે જણાવ્યું હતું કે સરકાર છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે ૧



લાખ કૃષિ વીજ જોડાણ આપી રહી છે. કૃષિ ક્ષેત્રે વીજળીમાં ૪ હજાર કરોડની સહાય સરકાર ચૂકવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે એક કેડૂતને વીજ કનેકશન આપવા પાછળ રૂ. ૧.૮૦ લાખનો ખર્ચ સરકાર કરે છે. તેમણે જણાવ્યું હતું કે ૧૫૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ અત્યાર સુધીમાં થઈ ચૂક્યો છે. ગુણવત્તા સભર વીજળી પુરવઠો આપવા માટે ટ્રાન્સમીશન લાઈનો અને સબસ્ટેશન ઉભા કરવાના આર્થિક ભારણ પણ વધુ છે.

સરકારે મોંઘવારીમાં કોલસાના ભાવ વધારા પછી પણ ખેડૂતોના વીજદરમાં કોઈ વધારો કર્યો નથી ત્યારે ખેડૂતો પણ જળસંચય અને વીજબચતમાં સરકારને પૂરક અને તેમજ આધુનિક પદ્ધતિઓ થકી વધુ ઉત્પાદન તરફ વળે તે પણ જરૂરી છે.

શ્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે ટપક સિંચાઈ પદ્ધતિ એ સમૃદ્ધ ખેતીની નિશાની છે. તેમણે જિલ્લાના ત્રણ ગામો, શિવપુરા કંપા, બબલપુરા કંપા તેમજ લવાડ ફાર્મમાં ૧૦૦ ટકા ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવનારા ગામો બન્યા છે તે ત્રણેય ગામના ખેડૂતોને અભિનંદન આપ્યા હતા.

તેમણે ઊર્જા બચત માટે આગામી દિવસોમાં સરકાર દ્વારા ૧ કરોડથી વધુ એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવાના લક્ષ્યાંકને લઈ યોજાયેલા કાર્યક્રમનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ બલ્બમાં ત્રણ વર્ષની ગેરંટી આપવામાં આવનાર છે.

રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં ખાતરના સંગ્રહ માટે કરેલી વ્યવસ્થા સહિત ખેડૂતોના હિતમાં લીધેલા નિર્ણયોથી પણ સૌને વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી સતીશ પટેલે પણ ટૂંકું પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આજના આ કૃષિ મહોત્સવમાં ધારાસભ્ય શ્રી અશોક પટેલ, જળસંચયે કમના ચેરમેન શ્રી ગણેશભાઈ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગન તેમજ ખેતીવાડી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા અને જિલ્લા ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.